# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૫/૯/૨૦૨૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# શિક્ષકે વિદ્યાર્થીઓની અંદર કશું રેડવાનું નથી પણ તેઓની અંદર શું સારું પડયું છે તેને શોધીને બહાર કાઢવાનું છે : ડો. જગદીશ ત્રિવેદી

### ત’નાવ ભરી પરિસ્થિતિમાંથી ‘નાવ’ કેવી રીતે કિનારે લાવશો? વિશે વેબિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને શ્રી સ્વામીનારાયણ એચ.વી. વિદ્યાલય – શ્રી સ્વામીનારાયણ એકેડેમીના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ‘ત’નાવ ભરી પરિસ્થિતિમાંથી ‘નાવ’ કેવી રીતે કિનારે લાવશો? વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ત્રણ વખત પી.એચ.ડી. કરનારા એકમાત્ર ગુજરાતી તથા ૬૧ જેટલા પુસ્તકો લખનારા ડો. જગદીશ ત્રિવેદીએ કોરોનાથી લઇને કરૂણા તથા શિક્ષણથી લઇને દયા – ક્ષમા સુધીના ખૂબ જ સરસ વિચાર રજૂ કર્યા હતા.

ડો. જગદીશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, તનાવ બે પ્રકારના હોય છે. એક ખોટો તનાવ અને બીજો સાચો તનાવ. જો કે, સાચા તનાવના પણ બે પ્રકાર હોય છે. જેમાં માનવસર્જીત તનાવ અને કુદરતી તનાવનો સમાવેશ થાય છે. તેમણે કહયું કે, તમારી વાસ્તવિકતા અને અપેક્ષા વચ્ચેનું અંતર જેટલું મોટું હોય એટલો તનાવ વધારે હોય છે. તમારામાં જતું કરવાની ભાવના હશે તો કયારેય તનાવ આવશે નહીં અને વ્યકિત દુઃખી થશે નહીં. કોરોનાને કારણે વૈશ્વિક મંદી આવી છે. આથી થોડા સમય બાદ તે જતી રહેવાની છે અને પહેલાંની જેમ આર્થિક પ્રવૃત્તિઓ ફરીથી ધમધમવા લાગશે.

કોરોનાને સમાજ સુધારક કહીને તે અંગે પોતાનો વિચાર રજૂ કરતા જણાવ્યું હતું કે, કોરોનાને કારણે લોકોના પગ મહિનાઓ સુધી ઘરમાં ટકી રહયાં હતાં. મુંબઇમાં નોકરિયાત વર્ગના લોકો વહેલી સવારે ઉઠીને નોકરીએ જાય છે અને મોડીરાતે ઘરે આવે છે ત્યારે તેઓ પરિવારની સાથે સમય પસાર કરી શકતા ન હતા. આથી કોરોના એ અર્થમાં સમાજ સુધારક છે. કારણ કે તેણે પરિવારજનોને મહિનાઓ સુધી એક છત નીચે પકડી રાખ્યા હતા. તેમણે કહયું હતું કે, માણસ રોગથી બચી જશે પણ ડરથી બચશે નહીં. આથી કોરોનાનો ભય રાખવાની જરૂર નથી. માત્ર પૂરતી સાવચેતી રાખીએ એટલે આરોગ્ય સારુ રહેશે.

તેમણે ટ્રાફિકના ગ્રીન, યલો અને રેડ સિગ્નલના દાખલા સાથે સમાજને સમજણ આપી હતી. તેમણે કહયું હતું કે કુદરતે ગ્રીન બટન ખૂબ જ દબાવ્યા હતા પણ માણસે તેની આદતો સુધારી ન હતી. આથી કુદરતે ૧૦૦ વર્ષ બાદ ફરીથી યલો બટન દબાવ્યું અને મહામારી ફેલાઇ ગઇ. આજથી ૧૦૦ વર્ષ પહેલાં પણ સ્પેનીશ ફલૂના નામે મહામારી ફેલાઇ હતી. કુદરત રેડ બટન દબાવે અને પ્રલય થાય તે પહેલાં માણસે પોતાને સુધારીને પર્યાવરણનું જતન કરવાની તાતિ જરૂરિયાત છે.

તેમણે શિક્ષણ ઉપર ખૂબ જ સરસ વિચાર રજૂ કર્યા હતા. તેમણે કહયું હતું કે, શિક્ષકે વિદ્યાર્થીઓની અંદર માહિતી, ટેકનોલોજી કે જ્ઞાન જેવું કશું રેડવાનું નથી પણ તેઓની અંદર શું સારું પડયું છે તેને શોધીને બહાર કાઢવાનું છે. જેવી રીતે મૂર્તિકાર પથ્થરમાંથી અણઘડ ભાગ દૂર કરીને તેને સુંદર પ્રતિમામાં ફેરવે છે તેવી રીતે શિક્ષકે પોતાની ફરજ બજાવવાની છે. વિદ્યાર્થીઓએ પણ દેખાદેખીમાં કેરિયરની કોઇપણ લાઇન સિલેકટ ન કરવી જોઇએ તેવી સલાહ તેમણે આપી હતી. સ્ત્રીઓ પ્રત્યે તેમણે કહયું કે સ્ત્રીઓ હવે પુરુષ સમોવડી રહી નથી પણ સ્ત્રીઓ હવે પુરુષ કરતા પણ આગળ નીકળી ગઇ છે.

તેમણે વધુમાં કહયું કે, વિદ્યાર્થીઓ અને લોકોમાં પહેલાની જેમ સહનશિલતા રહી નથી. શિક્ષકો પહેલા જીવનમાં વિદ્યાર્થીઓને સંતુલનના પાઠ સજાના ભાગરૂપે ભણાવતા હતા. પ્રાથમિક શાળામાં શિક્ષકો વિદ્યાર્થીઓની પીઠ ઉપર ફુટપટ્ટી રાખી સંતુલન જાળવવાની શિક્ષા આપતા હતા. જેના થકી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાના જીવનમાં સંતુલન કેમ જાળવવું તેના પાઠ ભણતા હતા. જીવનમાં કોરોના આવે, વેપારમાં નુકસાન જાય, કોઇ બિમારી આવે પણ કયારેય આપઘાતનો વિચાર કરવો જોઇએ નહીં. જે માણસ પોતાની ભૂલનો સ્વીકાર કરતો થઇ જાય તે જીવનમાં કયારેય આપઘાત કરતો નથી.

આજના વેબિનારમાં ચેમ્બરની મેનેજિંગ કમિટિના સભ્ય બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે મોડરેટર તરીકે વાયબ્રન્ટ ગૃપ ઓફ સ્કૂલના ચેરમેન ડો. દિપક રાજ્યગુરુએ મહત્વની ભૂમિકા ભજવી હતી. અંતે દિનેશ ગોંડલીયાએ વેબિનારમાં કરાયેલી ચર્ચાનો ટૂંકમાં સાર રજુ કર્યો હતો.